ગાંધીનગર સમાચાર

**રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણીના મામલે ભ્રષ્ટાચાર**



દિવાળીની ઘરાકી - દિપાવલી પર્વોને આડે માત્ર ૪૮ કલાક છે ત્યારે દિવાળીમાં ધીમે ધીમે દિવાળીની ઘરાકી ખુલવા લાગી છે... પગાર અને બોનસ કર્મચારીઓને મળતા બજારમાં ઘરાકી નીકળી છે... હજુ શનિ-રવિમાં બજારમાં ભીડ જામશે... અત્યારે તો કાપડ બજારમાં જ ઘરાકી વર્તાય છે... જ્યારે ઈલેક્ટ્રોનિક ઉપકરણો ઉપરાંત વાહનોની ખરીદીમાં ધીમી ગતિની ઘરાકી જોવા મળી રહી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# છેલ્લા ૧ માસમાં સિવિલમાં ડેન્ગ્યુના ૧૧૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક મહિનામાં ડેન્ગ્યુના ૧૧૭ કેસ તો છેલ્લા ત્રણ મહિનાનો સરવાળો ૧૫૭ થતાં આરોગ્યતંત્રની ઊંઘ ઉડી જવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સપ્ટેમ્બર માસથી એલાયઝા ટેસ્ટ ડેન્ગ્યુના નિદાન માટે શરૂ કરવામાં આવ્યા છે. સપ્ટેમ્બર માસ દરમ્યાન ૩૪ કેસ પોઝીટીવ જણાય આવ્યા હતા. જ્યારે ઓક્ટોબર માસ દરમ્યાન સિવિલમાં ૧૧૭ ડેન્ગ્યુના પોઝીટીવ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં આ વખતે વાહકજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને લઈ તંત્ર સતત દોડતુ રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં હજુ પણ ડેન્ગ્યુના છુટા છવાયા કેસો મળી રહ્યા છે.

વાહકજન્ય રોગચાળાને વકરતો અટકાવવા માટે ''ડ્રાય ડે''ની ઉજવણી પણ દર સપ્તાહે કરવાના નિર્ણય પછી જે રીતે કેસો મળી રહ્યા છે તે તંત્ર માટે શિરદર્દ બની રહ્યા છે. ખાસ કરીને ગાંધીનગર શહેરના સે. ૨, ૩, ૫, ૨૬, ૨૭, ૨૮ અને ૩૦માંથી કેસો વધુ મળ્યા છે.

આ વખતે પહેલીવાર તંત્રએ એન્ટીલારવેલની કામગીરી માટેની સઘન ઝુંબેશ બે તબક્કામાં શહેરમાં કરી હોવા છતાં હજુ પણ એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે જે ચિંતા તંત્રને હજુ પણ સતાવી રહી છે.

# સે-૭ના બગીચાને નવારૂપરંગ આપવા નવિનીકરણનું કામ હાથ ધરાયુ

**બગીચાની ફેન્સીંગને ૮ ફુટ જેટલી ઉંચી કરવામાં આવશે પ્લાન્ટેશન પણ કરાશે- સે-૧ થી ૪ ના બગીચામાં રમત ગમતના નવા સાધનો પણ મુકાશે**

ગાંધીનગર તા ૫

સે- ૭ ના બગીચાને નવારૂરંગ આપવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. શોપિંગ વિસ્તાર સામે સ્થિત બગીચાના નવીનીકરણનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જેમાં બગીચાની ફેન્સીંગ ૮ ફુટ જેટલી ઉંચી કરી અંદરની જગ્યાએ હરિયાળી લોન તેમજ પ્લાન્ટેશન પણ કરવામાં આવશે. કાર્પોરેશન દ્વારા શહેરના સે-૧થી ૪ માં સ્થિત સેક્ટરોના બગીચામાં નવા સાધનો પણ મુકવામાં આવશે.

શહેરના બગીચાઓ જાળવણીના અભાવે ખંડેર હાલતમાં ભાસી રહયા છે. જાળવણીના અભાવે બગીચાઓની હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. જયારે સેકટરોના બગીચામાં બાળકોને રમવાના સાધનો પણ તુટેલી હાલતમાં જોવા મળી રહયા છે. આમછતા મેનપાવર અને સાધનોના અભાવ વચ્ચે બાગાયત તંત્ર દ્વારા અત્યાર સુધી બગીચાની દરકાર લઈ શકાઈ નથી. જેના પરિણામે સેકટરવાસીઓમાં આક્રોશ પ્રવર્તાયો છે. સે-૭ના બગીચામાં પણ રખડતા ઢોર ઘુસી જતા બગીચો છેલ્લા કેટલાક સમયથી ઉજ્જડ બની ગયો હતો. આવા સંજોગોમાં બગીચાઓની જાળવણી માટે વિશેષ આયોજન હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી હતી. શહેરના ઉદ્યાનોની જવાબદારી કાર્પોરેશનને સોંપવામાં આવી છે. જેને અનુલક્ષી કાર્પોરેશન દ્વારા સે-૭ ના બગીચાના નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં હાલ બગીચાની ફેન્સીંગ ૮ ફુટ જેટલી ઉંચી કરવાનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. આ ઉપરાંત નવી લોન પ્લાન્ટેશનનુ કામ પણ કરવામાં આવશે. જેના અંતે બગીચાની શિકલ બદલાઈ જશે. કોર્પોરેશન દ્વારા શહેરના નવા સેકટરોમાં સ્થિત બગીચાઓમાં પણ બાળકો માટે રમતગમતના નવા સાધનો મુકવામાં આવશે. સેકટરોના બગીચામાં છેલ્લા ઘણાં સમયથી રમતગમતના સાધનો તુટેલી હાલતમાં હોવાથી બાળકો નિરાશ થઈ રહયા છે. જેના અંતે આ ઉદ્યાનોમાં નવા સાધનો મુકવા પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

# બાયોલોજીનુ પેપર પાઠય પુસ્તક આધારિત છતા અધરું પડ્યું

ગાંધીનગર તા ૫

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષામા આજે ધોરણ -૧૨ માં જીવવિજ્ઞાન વિષયનુ પેપર હતુ. પરંતુ પ્રશ્નો ટવિસ્ટ કરીને પુછાતા વિદ્યાર્થીઓ મુઝાયા હતા.આકૃતિના નામ નિર્દેશનમાંથી પુછાયેલા પ્રશ્નોએ વિદ્યાર્થીઓને વિચારતા કરી દીધા હતા.

**પ્રશ્નો ટવીસ્ટ કરીને પુછાયા આકૃતિના નામ નિર્દેશનમાંથી પણ સવાલો પુછાતા વિદ્યાથીઓને સ્કોર કરવામાં મુશ્કેલી**

વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરિક્ષા આ વખતે વિદ્યાર્થીઓ માટે વધુ કપરી પુરવાર થઈ રહી હોવાની બુમ ઉઠવા પામી છે. ધોરણ -૧૧ અને ૧૨ની સેમેસ્ટર પરિક્ષામાં વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નો સતત ચર્ચામાં રહે છે. પરિક્ષાની શરૂઆતમાં કેમેસ્ટ્રી તેમજ ફીઝીકસના પેપરમાં પણ અટપટા પ્રશ્નોથી વિદ્યાર્થીઓ માટે આકરા પુરવાર થયા હતા. જયારે આજે ધો ૧૨માં બાયોલોજીની પેપરમાં કેટલાક પ્રશ્નો ટવીસ્ટ કરીને પુછાતા મોટાભાગના વિદ્યાર્થીઓને તેના ઉત્તર આપવામાં તકલીફ પડી હતી. વિષય નિષ્ણાંત ડો અજયસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ બાયોલોજીનુ પેપર પાઠયપુસ્તક આધારીત હતુ. પરંતુ પાઠયપુસ્તક આધારિત આ પેપરમાં પ્રશ્નો ફેરવીને પુછાતા વિદ્યાર્થીઓને મુંઝારો થયો હતો.જેમાં આકૃતિના નામ નિર્દેશવાળા સવાલો પણ ઉંડાણ પુર્વક પુછાયા હતા.બાયોલોજીના સ્કોરીંગ વિષયમાં સવાલો ફેરવીને પુછાતા વિદ્યાર્થીઓ નારાજ થયા હતા. જયારે સ્કોર કરવાનુ પણ અધરૂ બન્યુ હતુ.

# સફાઈ નહિ કરો તો ગાંધીગીરી કરવી પડશે : પ્રવિણ પટેલ

**સેક્ટર-૨૨ પંચદેવ મંદિર પાસે, સે.૨૪ આર્યસમાજ મંદિર પાસે ગંદકીના થર જામ્યા છે**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં દિપોત્સવી પર્વની આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે છતાં પણ તંત્ર દ્વારા સફાઈ માટે દાખવવામાં આવતી ઉદાસીનતા સામે કોંગી કાઉન્સીલર શ્રી પ્રવિણ પટેલે રોષની લાગણી વ્યક્ત કરી સ્વચ્છતા અભિયાન હાથ નહિ ધરાય તો ના છૂટકે ગાંધીગીરી કરવાની ફરજ પડશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

મ્યુનિ. કમિશનરને લખેલા પત્રમાં શ્રી પટેલે જણાવ્યું છે કે ગાંધીનગર શહેરની મધ્યમાં સેક્ટર-૨૨માં આવેલ પંચદેવ મંદિરને ગ્રામ્ય દેવતાનું સ્થાન નગરજનોએ આપ્યું છે. પરંતુ આ પંચદેવ મંદિરની આસપાસમાં સ્વચ્છતાના નામે મીંડુ છે. આ ઉપરાંત અક્ષરધામ તેમજ સેક્ટર-૨૪માં આવેલ આર્યસમાજના મંદિર પાસે જે રીતે ગંદકીના થર જામ્યા છે, તે આગામી દિવસોમાં રોગચાળાના એંધાણ આપે છે. ગાંધીનગર શહેરના આંતરિક વિસ્તારોમાં તો ક્યારેય સફાઈ થઈ હોય તેવુ દેખાતુ નથી. વારંવાર રોજમદારોની ભરતીની વાતો કરાય છે, પરંતુ વાસ્તવિક સફાઈ ક્યારે થશે, તે ચિંતાનો વિષય બન્યો છે.

ગાંધીનગર શહેરમાં વાઈબ્રન્ટ કે અન્ય સરકારી ઈવેન્ટ હોય, ત્યારે લોન ઉપર કર્મચારીઓ મેળવી સફાઈની જવાબદારી આપણે નિભાવીએ છીએ, પરંતુ લોકોનો ઉત્સવ દિપાવલી છે, તેમજ નગરજનો પ્રત્યક્ષ-પરોક્ષ વેરા સફાઈ સાથેના ભરે છે, ત્યારે તંત્ર કોઈપણ પ્રકારની કામગીરીથી કેમ અળગુ છે તે સમજી શકાતુ નથી, અને તેથી એકાગર સેવક તરીકે અને શહેરના નાગરિક તરીકે આપને આ પળે શહેરની સ્વચ્છતા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવા વિનંતી કરુ છું.

અક્ષરધામ, ઈન્ફોસીટી, સેક્ટર-૧નું તળાવ,સરિતા ઉદ્યાન, સેક્ટર-૨૮ બગીચાના આસપાસના વિસ્તારોમાં તેમજ શહેરના આંતરિક માર્ગો, બગીચાઓમાં, ખુલ્લી જગ્યાઓમાં તાત્કાલિક સફાઈ હાથ ધરાય તેવી કાર્યવાહી કરશો.

# રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણીના મામલે ભ્રષ્ટાચાર : વકીલો ત્રાહીમામ

**સબ રજિસ્ટ્રાર દ્વારા નિતનવા કાયદાઓ બતાવી ફી ઉપરાંત વધારાની રકમ પડાવાય છે**

ગાંધીનગર તા ૫

જિલ્લા સબ રજીસ્ટ્રાર કચેરીમાં અધિકારીઓની મનમાનીથી વકીલો ત્રાહીમામ પોકારી ગયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. દસ્તાવેજ નોંધણીની પ્રક્રીયામાં મનસ્વી કાયદાઓ બતાવી વકીલો પાસે ફી ઉપરાંત પણ વધુ પૈસા ખંખેરવામાં આવતા હોવાનો રોષ પ્રબળ બન્યો છે. આ મામલે ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા જિલ્લા કલેકટરને પણ ઉગ્ર રજુઆત કરવામાં આવી છે. જેમાં પક્ષકારો અને વકીલોને થતો અન્યાય દુર કરવા જણાવાયુ છે.

ગાંધીનગર બાર એસોસિએશનના ટીમ કોઓર્ડીનેટર સી કે ત્રિવેદીએ આ અંગે જિલ્લા કલેકટરને રજુઆતમાં જણાંવ્યા મુજબ જિલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં ચાર્જ સંભાળતા અધિકારી દ્વારા નવા કાયદાઓ બનાવાયા છે. દસ્તાવેજ નોંધણી માટે જરૂરી ન હોવાછતા નવા કાયદાઓ બતાવી વકીલોને અપમાનિત કરવામાં આવે છે. રજિસ્ટ્રા દ્વારા એલ આર સી થી લઈ દસ્તાવેજ નોંધણી ,સ્કેનીંગ, કોમ્પ્યુટર ઓપરેટરના નામે સરકરી ફી ઉપરાંત વધુ રકમ વસુલવામાં આવે છે. જેની કોઈ પાવતી આપવામાં આવતી નથી.

● અનુસંધાન પાન-૭ પર


**બેસણું**



સખેદ જણાવવાનું કે, મારા મોટાભાઈ શ્રી સત્યેન્દ્રસિંહ દિલીપસિંહ સોલંકી તા. ૫/૧૧/૨૦૧૫ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્દગતનું બેસણું તા. ૬/૧૧/૨૦૧૫ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૨૮૧/૨, સેક્ટર-૫એ, ગાંધીનગર

લી.
ગં.સ્વ. પારૂલ સત્યેન્દ્રસિંહ સોલંકી
ગં.સ્વ. ચંદ્રિકાબેન દિલીપસિંહ સોલંકી
અ.સૌ. સંગીતા પિયુષસિંહ સોલંકી
શ્રી પિયુષસિંહ દિલીપસિંહ સોલંકી
ચી. જીલ પિયુષસિંહ સોલંકી
શ્રી તીર્થરાજસિંહ સત્યેન્દ્રસિંહ સોલંકી
ચી. જાનકી સત્યેન્દ્રસિંહ સોલંકી

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.




**દબાણની મર્યાદા ઓળંગાઈ** - સેક્ટર-૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં પાર્કીંગ અને ફેન્સીંગની સુવિધા તંત્ર દ્વારા કરાઈ હતી. પરંતુ પર્વો - પ્રસંગોએ દબાણકારો ફેન્સીંગ કે રેલીંગની એસતેસી કરી, ધંધાના અડીંગા જમાવ્યા છે... કોઈ તંત્ર એમને રોકી શકતું નથી, કે કોઈ નિયમો લાગુ નથી પડતા... દિવાળીમાં ધંધો કરવાનો સૌને હક્ક છે પરંતુ વ્યવસ્થાના ભોગે ન કરી કરવો જોઈએ... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# રાજ્યમાં પુનઃ લઘુતમ તાપમાન ઘટ્યું

અમદાવાદ, તા.૦૫


અમદાવાદ સહિત ગુજરાતભરમાં તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. જેના પરિણામ સ્વરૂપે ઈન્ફેક્શનના કેસોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. ઘણા લોકો ઈન્ફેક્શનના શિકાર થયા છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૯.૪ ડિગ્રી રહ્યું હતું, જે ગઈકાલની સરખામણીમાં ઘટી ગયું છે. ગાંધીનગરમાં પણ ગઈકાલની સરખામણીમાં ઓછું તાપમાન નોંધાયું છે. આ સ્થિતિ હાલ યથાવત રહે તેવી શક્યતા છે. ઓછા તાપમાન માટેની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. પરંતુ નવેમ્બર મહિનામાં હવે તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. નવેમ્બર મહિનાની શરૂઆત થઈ ગઈ હોવા છતાં હજુ સુધી અપેક્ષા મુજબ ઓછી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.


સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર**

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



**ખાદી ગ્રામોદ્યોગ ભવન**
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩

**ગૃહ વસ્તુ ભંડાર**
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧



સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

નોંધ : તા. ૮/૧૧ને રવિવારે કેન્દ્ર ખાતે વેચાણ ચાલુ રહેશે.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com